# સુરત મહાનગરપાલિકા
# તરણકુંડ વિભાગ

## આર.ટી.આઈ. એકટ–૨૦૦૫

## પ્રો એકટીવ ડીસ્કલોઝર (પી. એ.ડી.)
## ૨૦૨૫
## તા.૦૧/૦૫/૨૦૨૫ની સ્થિતિએ

**ઓફિસ :–**

**તરણકુંડ વહીવટી ઓફિસ,**
**સહજ આયકોનની સામે,**
**પાણીની ટાંકીની બાજુમાં**
**અડાજણ,સુરત.**

**( બકુલકુમાર જી. સારંગ)**
**જાહેર માહિતી અધિકારી**
**અને**
**ચીફ સ્વીમીંગ ઈન્સ્ટ્રકટર**

## કલમ–૪ (૧) (બી) (૧)

## સંસ્થાના કાર્યો અને ફરજોની વિગતો

સુરત મહાનગરપાલિકા જાહેર સત્તા મંડળ સાથે સંયુકત છે.

# કલમ–૪(૧) (બી) (૨)
# સંસ્થાના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજો
## –:: કેડરવાઈઝ કામગીરીનું પત્રક ::–

| અ.નં. | કેડર | અધિ./ કર્મ.ની સંખ્યા | કામગીરી |
|---|---|---|---|
| ૧. | કાર્યપાલક ઈજનેર | ૦૧ | સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ તરણકુંડોના સંચાલન કરવા તથા તરણકુંડો અંગેની તેમજ ખાતાના વડા તરીકે તમામ કામગીરી. |
| ૨. | ચીફ સ્વીમીંગ ઈન્સ્ટ્રકટર | ૦૧ | સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ તરણકુંડોની દેખરેખ રાખવી, આવેલ ફરીયાદોનું નિરાકરણ કરવું તેમજ તરણકુંડ ખાતેના તમામ કર્મચારીઓની જરૂરીયાત મુજબ યોગ્ય વ્યવસ્થા કરવી તથા અન્ય વહીવટી કામગીરી. |
| ૩. | સીનીયર/ જુનિયર સ્વીમીંગ ઈન્સ્ટ્રકટર (પુરુષ/મહિલા) | ૪૮ | સુરત મહાનગરપાલિકા સંચાલિત આવેલ તમામ તરણકુંડો પર શિખાઉ સભ્યોને તરણકળા શિખવવાની, સભ્યોની સલામતીનું ધ્યાન રાખવાની અને તરણકુંડમાં સાફ સફાઈ પર દેખરેખ રાખવાની કામગીરી. |
| ૨. | કરારીય જુની. સ્વીમીંગ ઈન્સ્ટ્રકટર | ૧૪ | સુરત શહેર વિસ્તારમાં આવેલ તમામ તરણકુંડો પર શિખાઉ સભ્યોને તરણકળા શિખવવાની, સભ્યોની સલામતીનું ધ્યાન રાખવાની અને તરણકુંડમાં સાફ સફાઈ પર દેખરેખ રાખવાની કામગીરી. |
| ૩. | બીજી શ્રેણી કલાર્ક | ૦૧ | કર્મચારીઓની હાજરી, પગાર, રીપોર્ટીંગ, ડેટા આપવાની કામગીરી, પેન્શન અંગેની કામગીરી તથા અન્ય ઓફિસની વહીવટી કામગીરી. |
| ૪. | ત્રીજી શ્રેણીકલાર્ક | ૧૩ | એસ્ટાબ્લીસ્ટને લગતી કામગીરી, ફી વસુલાત, ભરણાની કામગીરી, સભ્યોની એડમીશનની કામગીરી, આઉટ વર્ડ, ઈન વર્ડ, રીપોર્ટીંગ તથા કોમ્પ્યુટરને લગતી કામગીરી તથા હાજરીનાં ડેટા બનાવી વહીવટી ઓફિસ ખાતે આપવા. |
| ૪. | વાયરમેન | ૧૯ | સુરત મહાનગરપાલિકા સંચાલિત આવેલ તરણકુંડના પાણીની શુધ્ધતા માટે ફિલ્ટર પ્લાન્ટ ચલાવવાની તેમજ ઈલેકટ્રીકને લગતી કામગીરી. |
| ૫. | પટાવાળા | ૦૫ | તરણકુંડ ખાતે ઓફિસમાં ફરજ બજાવવી, ટપાલો લાવવા લઈ જવાની કામગીરી તેમજ સોંપવામાં આવતી અન્ય કામગીરી. |
| ૬. | મુકાદમ (ઓનલોન) | ૦૧ | તરણકુંડની અંદર–બહાર તેમજ તરણકુંડના પ્રીમાઈસીસમાં સાફ સફાઈ કરાવવાની કામગીરી, શિખાઉ બેચમાં શિખાઉ સભ્યોને મદદરૂપ થવું તેમજ સોંપવામાં આવતી અન્ય કામગીરી. |
| ૭. | ડ્રાઈવર(ઓનલોન) | ૦૧ | ફોર વ્હીલ ટેમ્પામાં કલોરીનના બાટલા તેમજ અન્ય સાધન સામગ્રીની હેરફેરની કામગીરી. |
| ૮. | બેલદાર<br>બેલદાર(ઓનલોન) | ૯૪<br>૦૭ | તરણકુંડની અંદર–બહાર તેમજ તરણકુંડના પ્રીમાઈસીસમાં સાફ સફાઈ કરવાની કામગીરી, તરણકુંડના પાણીમાં બ્રશ ખેંચવું શિખાઉ બેચમાં શિખાઉ સભ્યોને મદદરૂપ થવું તેમજ સોંપવામાં આવતી અન્ય કામગીરી. |
| ૯. | સફાઈ કામદાર(ઓનલોન) | ૦૨ | તરણકુંડની અંદર–બહાર તેમજ તરણકુંડના પ્રીમાઈસીસમાં સાફ સફાઈ કરવાની કામગીરી |

## કલમ–૪(૧) (બી) (૩)

## દેખરેખ અને જવાબદારીના માધ્યમ સહિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યરીતિ

## તરણકુંડ વિભાગ

## સુરત મહાનગરપાલિકા

મ્યુનિસિપલ કમિશ્નર

↓

ડે.મ્યુનિ. કમિશ્નર

↓

કાર્યપાલક ઈજનેર (તરણકુંડ વિભાગ)

↓

ચીફ સ્વીમીંગ ઈન્સ્ટ્રકટર

- સ્વીમીંગ ઈન્સ્ટ્રકટર
  - ↓ વાયરમેન
  - ↓ ડ્રાઈવર
  - ↓ મુકાદમ
  - ↓ બેલદાર
  - ↓ સફાઈ કામદાર
- બીજી શ્રેણી કલાર્ક
  - ↓ ત્રીજી શ્રેણી કલાર્ક
  - ↓ પટાવાળા

## :: સુરત મહાનગરપાલિકા સંચાલિત જુદાં–જુદાં તરણકુંડોનાં ઈન્ચાર્જ સ્વી.ઈન્સ્ટ્રકટરોની માહિતી::

| ક્રમ | કર્મ. નં. | ઈન્ચાર્જ સ્વી.ઈન્સ્ટ્રકટર | હોદ્દો | તરણકુંડનું નામ | મોબાઈલ નં. |
|---|---|---|---|---|---|
| ૧ | ૩૮૩૬૩ | શ્રી કૃતિકા કે. ભગત | સીની.લેડી.સ્વી. ઈન્સ્ટ્રકટર | વનિતા વિશ્રામ મહિલા તરણકુંડ | ૯૯૭૯૮૭૩૬૯૫ |
| ૨ | ૭૪૪૧૦ | શ્રી હિતેન્દ્ર જી. પટેલ | તા.સીની.સ્વી. ઈન્સ્ટ્રકટર | અલથાણ તરણકુંડ | ૮૧૪૧૦૬૯૯૯૬ |
| ૩ | ૭૪૪૧૮ | શ્રી હિતેશકુમાર જયંતિલાલ પટેલ | તા. જુની.સ્વી. ઈન્સ્ટ્રકટર | દાદાભાઈ પાંડિયા તરણકુંડ | ૯૮૭૯૦૫૩૧૧૧ |
| ૪ | ૩૬૧૬૩ | શ્રી પરેશ ગણેશભાઈ સારંગ | સીની.સ્વી. ઈન્સ્ટ્રકટર | ચીમનભાઈ લાપસીવાલા (રૂસ્તમપુરા) તરણકુંડ | ૯૪૨૬૧૨૮૯૫૨ |
| ૫ | ૩૬૧૬૬ | શ્રી રાજન ખુશમનભાઈ સારંગ | સીની.સ્વી. ઈન્સ્ટ્રકટર | લકકડકોટ તરણકુંડ | ૯૨૬૫૩૯૦૮૭૦ |
| ૬ | ૪૨૭૫૪ | શ્રી જીગર એ. વાઘેલા | સીની.સ્વી. ઈન્સ્ટ્રકટર | વીર સાવરકર (અડાજણ) તરણકુંડ | ૯૭૩૭૫૯૦૯૦૮ |
| ૭ | ૩૬૧૬૯ | શ્રી માલતી જે પટેલ | જુની. લેડી સ્વી.ઈન્સ્ટ્ર. | ડાઈવીંગ પુલ ( અડાજણ ) | ૯૬૬૨૫૨૨૮૭૧ |
| ૮ | ૪૦૬૮૦ | શ્રી વિશાલ એચ. ભગત | સીની.સ્વી. ઈન્સ્ટ્રકટર | પાલ તરણકુંડ | ૯૮૯૮૨૧૩૪૧૩ |
| ૯ | ૩૬૧૬૪ | શ્રી વિરલ જી. સેઈલર | સીની.સ્વી. ઈન્સ્ટ્રકટર | સીંગણપોર તરણકુંડ | ૯૯૨૫૪૯૬૦૦૯ |
| ૧૦ | ૩૬૬૦૨ | શ્રી જીજ્ઞેશ જસવંતભાઈ સારંગ | જુની.સ્વી.ઈન્સ્ટ્ર | ડુંભાલ તરણકુંડ | ૯૯૭૪૭૮૦૫૩૨ |
| ૧૧ | ૭૪૪૧૧ | શ્રી વિશાલ જગદીશભાઈ જોગી | તા.સીની.સ્વી. ઈન્સ્ટ્રકટર | ડીંડોલી તરણકુંડ | ૯૨૬૫૮૫૨૪૫૧ |
| ૧૨ | ૩૬૫૯૭ | શ્રી ધર્મેશ ખુશમનભાઈ સારંગ | જુની.સ્વી. ઈન્સ્ટ્રકટર | ઉધના તરણકુંડ | ૯૮૯૮૨૦૭૪૪૪ |
| ૧૩ | ૩૬૧૬૭ | શ્રી પ્રકાશ મનહરભાઈ સેલર | સીની.સ્વી. ઈન્સ્ટ્રકટર | મહારાણા પ્રતાપ (કાપોદ્રા) તરણકુંડ | ૯૭૨૪૩૩૮૩૯૦ |
| ૧૪ | ૩૬૧૬૫ | શ્રી કમલાકર બળવંતભાઈ મોરે | સીની.સ્વી. ઈન્સ્ટ્રકટર | વરાછા (મીનીબજાર) તરણકુંડ | ૯૪૨૭૧૦૭૦૧૪ |
| ૧૫ | ૩૬૧૬૮ | શ્રી શ્રીદેવી રાકેશકુમાર પટેલ | જુની.લેડી.સ્વી. ઈન્સ્ટ્રકટર | મોટાવરાછા–ઉત્રાણ તરણકુંડ | ૯૯૭૮૬૪૬૧૦૫ |

## :: સુરત મહાનગરપાલિકા સંચાલિત ૧૬ તરણકુંડોનાં સરનામું દર્શાવતું પત્રક ::

| અ.નં. | ઝોનનું નામ | તરણકુંડનું નામ | સરનામું |
|---|---|---|---|
| ૧. | સેન્ટ્રલ ઝોન [Central Zone] | ૧. દાદાભાઈ પંડયા તરણકુંડ<br>(Dadabhai Pandya Swimming Pool)<br>(ફોન નં.:– ૦૨૬૧–૨૪૬૦૧૭૬) | ડચ ગાર્ડનની નજીક, મકકાઈપુલ, નાનપુરા, સુરત–૩૯૫૦૦૭.<br>(Near Dutch Garden,Nanpura, Makkaipul, Nanpura, Surat-395007.) |
| | | ૨. ચીમનભાઈ લાપસીવાલા (રૂસ્તમપુરા) તરણકુંડ<br>(Chimanbhai Lapsiwala Swimming Pool)<br>(ફોન નં.:– ૦૨૬૧–૨૪૬૦૩૫૨) | મ્યુનિ. હેલ્થ સેન્ટરની સામે, આશાપુરીમાતા ના મંદિરની બાજુમાં, રૂસ્તમપુરા,સુરત– ૩૯૫૦૦૨.<br>(Opp. Municipal Health Centre, Beside Ashapuri Mata Temple, Rustampura,Surat-395002.) |
| | | ૩. લકકડકોટ તરણકુંડ.<br>(Lakkadkot Swimming Pool)<br>(ફોન નં.:– ૦૨૬૧–૨૪૬૦૩૫૨) | કોમ્યુનિટી હોલની બાજુમાં, ગલેમંડી રોડ, દિલ્હી ગેટ, લકકડ કોટ, સુરત–૩૯૫૦૦૨.<br>(Near Community Hall, Galemandir road, Delhi-Gate, Lakkadkot, Surat-395002.) |
| ૨. | સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન [South West Zone] | ૧. વનિતા વિશ્રામ મહિલા તરણકુંડ<br>(VanitaVishram Mahila Swimming Pool)<br>(ફોન નં.:– ૦૨૬૧–૨૬૬૦૫૩૫) | વનિતા વિશ્રામ સ્કુલની પાછળ, અઠવાલાઈન્સ, સુરત–૩૯૫૦૦૧.<br>(B/H Vanita Vishram School, Athwalines, Surat-395001.) |
| | | **વનિતા વિશ્રામ શાળાનાં વિધાર્થીઓએ નવા પ્રવેશ તથા રીન્યુઅલ માટે તાજેતરનું બોનોફાઈડ સર્ટીફીકેટ સાથે વનિતા વિશ્રામ મહિલા તરણકુંડની ઓફિસનો સંપર્ક કરવો.** | |
| | | ૨. અલથાણ તરણકુંડ<br>(Althan Swimming Pool)<br>(ફોન નં.:– ૦૨૬૧–૨૪૬૦૩૫૨) | ડી.આર.બી.કોલેજની સામે, નેસ્ટ હાઉસની નજીક, ન્યુ સીટીલાઈટ,અલથાણ, સુરત–૩૯૫૦૦૭.<br>(Opp. D.R.B.College, Beside Nest House, New Citylight, Althan, Surat-395007.) |
| ૩. | નોર્થ (કતારગામ) ઝોન [North Zone] | ૧. કતારગામ તરણકુંડ<br>(Katargam Swimming Pool)<br>(ફોન નં.:– ૦૨૬૧–૨૫૩૦૫૩૦)<br>(સ્વીમીંગપુલ રીડેવલોપમેન્ટ કારણે હાલમાં બંધ છે.) | કોમ્યુનિટી હોલની બાજુમાં ,મુકેશ ડાઈંગ મીલની સામે, વસ્તાદેવડી રોડ, કતારગામ, સુરત–૩૯૫૦૦૩.<br>(Beside Community Hall, Opp. Mukesh Dying, Vastadevadi road, Katargam, Surat-395003.) |
| | | ૨. સીંગણપોર તરણકુંડ<br>(Singanpor Swimming Pool)<br>(ફોન નં.:– ૦૨૬૧–૨૫૧૧૨૬૩) | મ્યુનિ. કોમ્યુનિટી હોલની પાછળ, ન્યુ ત્રિવેણી સોસાયટીની સામે, સીંગણપોર રોડ, સુરત–૩૯૫૦૦૪.)<br>(B/H Municipal Community Hall, Opp. New Triveni Society, Singarpor Main Road, Surat-395004.) |
| ૪. | સાઉથ ઈસ્ટ (લીંબાયત) ઝોન [South East Zone] | ૧. ડીંડોલી તરણકુંડ<br>(Dindoli Swimming Pool)<br>(ફોન નં.:– ૦૨૬૧–૨૪૬૦૩૫૨) | મ્યુનિ. કોમ્યુનિટી હોલની નજીક,અંબિકા ટાઉનશીપની બાજુમાં, ડીંડોલી તળાવની સામે, ડીંડોલીગામ, સુરત–૩૯૪૨૧૦.<br>(Near Municipal Community Hall, Beside Ambica Township, Opp. Dindoli Lake, Dindoligam, Surat-394210.) |
| | | ૨. ડુંભાલ તરણકુંડ<br>(Dumbhal Swimming Pool)<br>(ફોન નં.:– ૦૨૬૧–૨૪૬૦૩૫૨) | તેરાપંથ ભવનની પાસે, રામબાગ પેલેસની પાછળ, ડુંભાલ, સુરત–૩૯૫૦૧૦.<br>(Near Terapanth Bhavan, B/H Ram Baugh Palace, Dumbhal, Surat-395010.) |
| ૫. | સાઉથ (ઉધના) ઝોન [South Zone] | ૧. ઉધના તરણકુંડ<br>(Udhna Swimming Pool)<br>(ફોન નં.:– ૦૨૬૧–૬૫૩૧૦૦૧) | ઝોન ઓફિસની સામેની ગલી, સમીથી સ્કુલની નજીક, ગાયત્રી મંદિરની સામે, ઉધના, સુરત–૩૯૪૨૧૦.<br>(Opp. Zone Office, Near Samithi School, Opp. Gayatri Temple, Udhna, Surat-394210.) |
| **અ.નં.** | **ઝોનનું નામ** | **તરણકુંડનું નામ** | **સરનામું** |
| ૬. | પૂર્વ (વરાછા) ઝોન–અ [East Zone-A] | ૧. વરાછા (મીની બજાર) તરણકુંડ<br>(Varachha(Mini Bazar) Swimming Pool)<br>(ફોન નં.:– ૦૨૬૧–૨૫૪૬૩૧૨) | ક્રાંતિ મેદાન, , સરદાર સ્મૃતિભવનની બાજુમાં , વરાછા ઝોન ઓફિસની સામે, વરાછા, સુરત–૩૯૫૦૦૩.<br>(Kranti Ground, Beside Sardar Smrutibhavan, Opp. Varachha Zone Office, Varachha, Surat-395003.) |
| ૭. | પૂર્વ (વરાછા) ઝોન–બ [East Zone-B] | ૧. મહારાણા પ્રતાપ તરણકુંડ (કાપોદ્રા)<br>(Maharana Pratap Swimming Pool) (Kapodra)<br>(ફોન નં.:– ૦૨૬૧–૨૪૬૦૩૫૨) | મ્યુનિ. મહારાણા પ્રતાપ(ચોપાટી) ગાર્ડની બાજુમાં, વરાછા વોટર વકર્સની બાજુમાં, કાપોદ્રા, સુરત–૩૯૫૦૦૬.<br>(Beside Municipal Maharana Pratap(Chopati) Garden, Near Varachha Water Works, Kapodra, Surat-395006.) |
| | | ૨. મોટાવરાછા–ઉત્રાણ તરણકુંડ<br>(Motavarachha-Utran Swimming Pool)<br>(ફોન નં.:– ૦૨૬૧–૨૪૬૦૩૫૨) | ગોલ્ડન સીટી રેસીડેન્સીની સામે, વ્હાઈટ હાઉસની બાજુમાં, ગોલ્ડન સીટી રોડ, મોટાવરાછા, સુરત–૩૯૪૧૦૫.<br>(Opp. Golden City Residency, Beside White |

| | | | |
|---|---|---|---|
| | | | House, Golden City Road, Motavarachha, Surat-394105.) |
| ૮. | વેસ્ટ (રાંદેર) ઝોન [West Zone] | ૧. વીર સાવરકર તરણકુંડ (અડાજણ)<br>(Veer Savarkar Swimming Pool) (Adajan)<br>(ફોન નં.:– ૦૨૬૧–૨૪૬૦૧૭૬) | જ્યોતિન્દ્ર દવે ગાર્ડનની બાજુમાં, પ્રાઈમઆર્કડની પાછળ, મ્યુનિ. જોગાણી નગર જળવિતરણ મથકની બાજુમાં, અડાજણ, સુરત–૩૯૫૦૦૫.<br>(Near Jyotindra Dave Garden,B/H Prime Arcade, Beside Water Tank, Adajan, Surat-395005.) |
| | | ૨. ડાઈવીંગ તરણકુંડ (અડાજણ)<br>(Diving Swimming Pool) (Adajan)<br>(ફોન નં.:– ૦૨૬૧–૨૪૬૦૩૫૨) | સહેજ સુપર સ્ટોરની સામે, પાણીની ટાંકીની બાજુમાં, અડાજણ,સુરત–૩૯૫૦૦૫.<br>(Opp. Sahaj Super Store, Beside Water Tank, Adajan, Surat-395005.) |
| | | • **ડાઈવીંગપુલમાં ૧૫ વર્ષ થી ૬૦ વર્ષની વયના ફકત અનુભવી તરવૈયાઓને જ પ્રવેશ આપવામાં આવશે. ડાઈવીંગપુલમાં પ્રવેશ મેળવવા પહેલાં કુશળ તરવૈયા તરીકેની યોગ્યતા ચકાસણી માટે ઓનલાઈન પ્રવેશ–ફોર્મ( https://www.suratmunicipal.org/Downloads/OnlineForms#form_15 ) ની પ્રિન્ટ કાઢી તરણકુંડ ઓફિસનો સંપર્ક કરવો.** | |
| | | ૩. પાલ તરણકુંડ<br>(Pal Swimming Pool)<br>(ફોન નં.:– ૦૨૬૧–૨૪૬૦૩૫૨) | વૈષ્ણવદેવી લાઈફ સ્ટાઈલની સામે, પાલ રોડ,સુરત–૩૯૫૦૦૯.<br>(Opp. Vaishnodevi Life Style, Pal road, Surat-395009.) |

| **મહિલા તરણકુંડોનાં નામ<br>(Lady Swimming Pool)** | **બાળ તરણકુંડોનાં નામ<br>(Children Swimming Pool)** |
|---|---|
| ૧. વનિતા વિશ્રામ મહિલા તરણકુંડ<br>(VanitaVishram Mahila Swimming Pool) | ૧. વરાછા (મીની બજાર) તરણકુંડ<br>(Varachha(Mini Bazar) Swimming Pool) |
| **સ્પેશીયલ મહિલા બેચો ચાલતાં તરણકુંડો નામ<br>(Swimming Pool for Special Lady Batches)** | ૨. ડીંડોલી તરણકુંડ<br>(Dindoli Swimming Pool) |
| ૧. વરાછા (મીની બજાર) તરણકુંડ<br>(Varachha(Mini Bazar) Swimming Pool) | ૩. ઉધના તરણકુંડ<br>(Udhna Swimming Pool) |
| ૨. મહારાણા પ્રતાપ તરણકુંડ (કાપોદ્રા)<br>(Maharana Pratap Swimming Pool) (Kapodra) | |
| ૩. પાલ તરણકુંડ<br>(Pal Swimming Pool) | **નોંધઃ–બાળ તરણકુંડોમાં ૦૫ વર્ષ થી ૧૦ વર્ષની વયના બાળકોને જ પ્રવેશ આપવામાં આવશે.** |
| ૪. વીર સાવરકર તરણકુંડ (અડાજણ)<br>(Veer Savarkar Swimming Pool) (Adajan) | |

- **નોંધઃ**– (૧)તમામ તરણકુંડોનો શિયાળ સીઝન (નવેમ્બર થી ફેબ્રુઆરી માસ) દરમ્યાન શિખાઉ/રેગ્યુલર બેચોનો સમય બદલતો હોવાથી સમય–પત્રકનો અભ્યાસ કર્યા પછી જ નવા પ્રવેશ/રીન્યુ કરવાનું રહેશે. (૨) દરેક રેગ્યુલર– સભ્યોએ દર ૦૨ (બે) વર્ષ બાદ રીન્યુઅલ સમયે ઓનલાઈન જનરેટ થયેલ મેડીકલ ફીટનેશ સર્ટીફીકેટમાં ડાંકટરનાં સહી–સિકકા કરાવી જમા/અપલોડ કરાવાનું રહેશે.

## કલમ–૪ (૧) (બી) (૪)

## પોતાના કાર્યો બજાવવા માટે પોતે નક્કી કરેલા ધોરણો/નિયમો/સુચના

## :: **નીતિ–નિયમો** ::

૧. **નવા પ્રવેશ માટેના રજીસ્ટ્રેશનની પ્રક્રિયા :–**

SMC ની વેબસાઈટ "www. suratmunicipal.gov.in" પર જઈ નીચે મુજબ નવા પ્રવેશ માટે રજીસ્ટ્રેશન કરી મહત્તમ સભ્ય–સંખ્યાની મર્યાદાને ધ્યાનમાં રાખી વહેલાં તે પહેલાં ધોરણે પ્રવેશ–ફી ભરી પ્રવેશ મેળવી શકશે.
(ઓનલાઈન પ્રવેશ–ફી ભર્યા પછી જ અરજકર્તાનો પ્રવેશ કન્ફર્મ ગણવામાં આવશે.)

- તમામ તરણકુંડો ખાતે શિખાઉ બેચોમાં નવા પ્રવેશ માટેના ઓનલાઈન રજીસ્ટ્રેશન અને પ્રવેશ–ફી ભરવાનો સમયગાળો દરેક માસમાં ત્રણ માસ માટે પ્રવેશ આપવામાં આવશે. (ડાઈવીંગપુલ સિવાય)
(૫૦ વર્ષ થી વધુ ઉંમર ધરાવતી વ્યકિત નીતિ–નિયમો અનુસાર રજીસ્ટ્રેશન અને પ્રવેશ–ફી ઓનલાઈન/ઓફલાઈન કરી પ્રવેશ મેળવી શકશે.)
- નવા પ્રવેશ મેળવતા ઈચ્છુક તરવૈયા સભ્યો નીચે મુજબની કાર્યવાહી કરી તરવૈયા બેચમાં ત્રણ માસ, છ માસ અથવા વાર્ષિક પ્રવેશ મેળવી શકશે.
    - ➢ ''સોગંદ સહિતનું સંમતિ દર્શાવતું કબુલાતનામું'' ઓનલાઈન અપલોડ કર્યા બાદ હાર્ડ કોપી ઓફિસમાં જમા કરાવવાની રહેશે. ( તરણકુંડનાં ફોરમેટ મુજબ)
    - ➢ ઓનલાઈન જનરેટ થયેલ પ્રવેશ–ફોર્મ અને ડોકયુમેન્ટો સાથે પસંદ કરેલ જે–તે તરણકુંડ ખાતે તરણ–પરીક્ષા સફળતા પૂર્વક પાસ કરવાની રહેશે. અન્યથા શિખાઉ બેચમાં જ શિખાઉ સભ્ય તરીકે પ્રવેશ આપવામાં આવશે. જે અંગે તરણકુંડનાં ઈન્ચાર્જ સ્વીમીંગ ઈન્સ્ટ્રકટરનો નિર્ણય માન્ય રહેશે. (૧૦૦ મીટર લંબાઈમાં સળંગ તરણક્રિયા પૂર્ણ કરવાની રહેશે તથા સ્વીમીંગપુલની મધ્યે સતત ૧૦ મીનીટ સાયકલીંગ કરવાની રહેશે.)
- મહત્તમ સભ્ય–સંખ્યાની મર્યાદાને ધ્યાનમાં રાખી વહેલાં તે પહેલાં ધોરણે પ્રવેશ મેળવી શકશે. તરણકુંડમાં જે–તે માસની પહેલી(૦૧) તારીખ બાદ પ્રવેશ મેળવતા દરેક સભ્યોનું સભ્યપદ માટે લેવા જોગ ફી ની ગણતરી પહેલી(૦૧) તારીખથી જ ગણવાની રહેશે. અને જે–તે સભ્યએ પહેલી(૦૧) તારીખ બાદ એટલે કે પછીનાં દિવસોમાં ગુમાવેલ દિવસોની ફી મજરે લેવાનો લાભ મળવા પાત્ર રહેશે નહીં.
- તરણકુંડનાં સમય–પત્રકનો સંપૂર્ણ અભ્યાસ કર્યા બાદ જ નવો પ્રવેશ તથા રીન્યુની પ્રક્રિયા કરવાની રહેશે. જે અંગે ભવિષ્યમાં સમય બાબતની કોઈપણ પ્રકારની રજુઆત સ્વીકારવામાં આવશે નહીં.
- શિખાઉ બેચમાં ફલોટર છુટયા બાદ દરેક સભ્યોએ ૦૫ ફુટમાં જ તરણક્રિયા કરવાની રહેશે.
- નવા પ્રવેશ માટેના ઓનલાઈન રજીસ્ટ્રેશન દરમ્યાન અરજકર્તાએ નીચે મુજબનાં દસ્તાવેજો સ્કેન કરી અપલોડ કરવાનાં રહેશે.
(૧) પાસપોર્ટ સાઈઝના ફોટો (૨) આધાર–કાર્ડ ની ઝેરોક્ષની નકલ(બંને બાજુ એક જ પાનાં ઉપર લઈ પોતાની સહી કરવી), (૩) કોરા સફેદ પાનાં પર પોતાની સહીનો નમૂનો(૧૬ વર્ષથી નાની ઉમરના સભ્ય માટે જવાબદાર વાલી/ગાર્ડિયન ની સહીનો નમૂનો) અને (૪) માન્ય ફોરમેટ મુજબ મેડીકલ ફીટનેશ સર્ટીફીકેટ (૫૦ વર્ષ થી નાની ઉમરના સભ્યોએ એમ.બી.બી.એસ. અથવા એમ.ડી. ડોકટર તથા ૫૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના સભ્યોએ ફરજીયાત એમ.ડી ડોકટરનાં સહી–સિક્કા રજીસ્ટર નંબર સહિત).
- નવા પ્રવેશ માટેની ફી કે જુના સભ્યપદની રીન્યુઅલ ફી ભર્યા પછી દરેક અરજકર્તા / સભ્યએ ઓરીજનલ મેડીકલ ફીટનેશ સર્ટીફીકેટ ઓફિસનાં કામકાજનાં દિવસો દરમ્યાન સવારે ૭:૦૦ થી ૧૦:૦૦ વાગ્યા તથા સાંજે ૪:૩૦ થી ૭:૦૦ વાગ્યા સુધીમાં તરણકુંડની ઓફિસમાં ફરજિયાત જમા કરાવવાનું રહેશે.
- ૧૦ વર્ષ થી વધુ વયના અરજકર્તા કે સભ્યોને મોટા તરણકુંડમાં પ્રવેશ આપવામાં આવશે.(બાળ તરણકુંડ સિવાયના)
- ૦૫ થી ૧૦ વર્ષ સુધીના વયના બાળકોને બાળ તરણકુંડમાં પ્રવેશ આપવામાં આવશે. નાના બાળકોને લઈ આવનાર માતા/પિતા વાલીઓ તરણકુંડ ની અંદર ડેક એરીયામાં પ્રવેશ કરી શકશે નહિ. તેઓ તરણકુંડના કમ્પાઉન્ડમાં રહી શકશે.
- ફકત વનિતા વિશ્રામ શાળાનાં વિદ્યાર્થીનીઓએ નવા પ્રવેશ તથા રીન્યુઅલ માટે તાજેતરનું બોનોફાઈડ સર્ટીફીકેટ અને નવા પ્રવેશનાં રજીસ્ટ્રેશન દરમ્યાન જરૂરી ડોકયુમેન્ટો સાથે સવારે ૭:૦૦ થી ૧૦:૦૦ વાગ્યા તથા સાંજે ૪:૩૦ થી ૭:૦૦ વાગ્યા સુધીમા ઓફિસનાં કામકાજનાં દિવસો દરમ્યાન વનિતા વિશ્રામ મહિલા તરણકુંડની ઓફિસનો સંપર્ક કરવો.
- ડાઈવીંગપુલ માં પ્રવેશ મેળવવા માટે નીચે મુજબની સુચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
    - ➢ ૧૫ વર્ષ થી ૭૦ વર્ષની વયનાં ફકત અનુભવી અને કુશળ તરવૈયા જેઓએ તરણ–પરીક્ષા દરમ્યાન ૧૦૦ મીટર લંબાઈમાં સળંગ તરણ પૂર્ણ કરેલ હોય તથા સ્વીમીંગપુલની મધ્યે સતત ૧૦ મીનીટ સાયકલીંગ પૂર્ણ કરેલ હોય તેઓ જ પ્રવેશપાત્ર બનશે.
    (૬૦ વર્ષથી વધુ વયનાં અનુભવી કુશળ તરવૈયાઓએ માન્ય ફોરમેટ મુજબ સ્ટેમ્પ–પેપર પર ''સોગંદ સહિતનું સંમતિ દર્શાવતું કબુલાતનામું'' લખી ઓનલાઈન અપલોડ કર્યા બાદ હાર્ડ કોપી ઓફિસમાં જમા કરી નવો પ્રવેશ તથા સભ્યપદ રીન્યુ કરવાનું રહેશે.)
    - ➢ ''સોગંદ સહિતનું સંમતિ દર્શાવતું કબુલાતનામું'' ઓનલાઈન અપલોડ કર્યા બાદ હાર્ડ કોપી ઓફિસમાં જમા કરાવવાની રહેશે. ( તરણકુંડનાં ફોરમેટ મુજબ)
    - ➢ તરણ–પરીક્ષા આપવા માટે ઓનલાઈન જનરેટ થયેલ પ્રવેશ–ફોર્મ અને તેમાં જણાવેલ ડોકયુમેન્ટો સાથે તરણકુંડ ઈન્ચાર્જ સ્વીમીંગ ઈન્સ્ટ્રકટરનો સવારે ૮:૦૦ થી ૧૦:૩૦ વાગ્યા સુધીમાં કામકાજનાં દિવસો દરમ્યાન સંપર્ક કરવાનો રહેશે.
    - ➢ ડાઈવીંગ પુલની અંદર સ્વીમીંગ ઈન્સ્ટ્રકટરની ગેરહાજરીમાં ડાઈવીંગ તથા સ્વીમીંગ (તરણકળા) કરવી નહિ.
    - ➢ ડાઈવીંગપુલમાં ડાઈવીંગ પ્લેટફોર્મનો ઉપયોગ સ્વીમીંગ ઈન્સ્ટ્રકટરની પરવાનગી વગર કરવો નહીં.

૨. **<u>રીન્યુઅલ પ્રવેશની પ્રક્રિયાઃ–</u>**

તમામ તરણકુંડો ખાતે રેગ્યુલર સભ્યોએ દરેક માસમાં મહત્તમ સભ્ય–સંખ્યાની મર્યાદાને ધ્યાનમાં રાખી વહેલાં તે પહેલાં ધોરણે રીન્યુઅલ ફી ભરી શકશે.

(તરણકુંડમાં જે–તે માસની પહેલી(૦૧) તારીખ બાદ પોતાનું સભ્યપદ રીન્યુ કરનાર દરેક સભ્યોનું સભ્યપદ દર માસની પહેલી(૦૧) તારીખથી જ ગણતરીમાં લેવાનું રહેશે અને જે–તે સભ્યએ ગુમાવેલ દિવસોની ફી મજરે લેવાનો લાભ મળવા પાત્ર રહેશે નહીં.)

૩. **<u>રીન્યુઅલ ન કરાવેલ અને ફરી પ્રવેશ ઈચ્છુક તરવૈયા સભ્યોની પ્રવેશની પ્રક્રિયાઃ–</u>**

તમામ તરણકુંડો ખાતે રીન્યુઅલ પ્રવેશ ન કરી શકેલ સભ્યોએ (એક માસથી વધુ સમયાંતર વાળા સભ્યો માટે) દરેક માસમાં મહત્તમ સભ્ય–સંખ્યાની મર્યાદાને ધ્યાનમાં રાખી વહેલાં તે પહેલાં ધોરણે તરણકુંડનાં માન્ય ફોરમેટ મુજબના મેડીકલ ફીટનેશ સર્ટીફીકેટ સાથે ઓનલાઈન ડાઉનલોડ/અપલોડ કરી રીન્યુઅલ પ્રવેશ–ફી ભરી શકશે.

(તરણકુંડમાં જે–તે માસની પહેલી(૦૧) તારીખ બાદ પોતાનું સભ્યપદ રીન્યુ કરનાર દરેક સભ્યોનું સભ્યપદ દર માસની પહેલી(૦૧) તારીખથી જ ગણતરીમાં લેવાનું રહેશે અને જે–તે સભ્યએ ગુમાવેલ દિવસોની ફી મજરે લેવાનો લાભ મળવા પાત્ર રહેશે નહીં.)

૪. તમામ પ્રકારની ફી માં દર ૦૩ નાંણાકીય વર્ષ પૂર્ણ થયા બાદ ૧૦% નો વધારો(૧૦૦ ના ગુણકમાં) કરવામાં આવશે.

૫. જો તરવૈયા સભ્યો ૧(એક) વર્ષ સુધીમાં સભ્યપદ સળંગ(રીન્યુ) ન કરાવે તો તેઓએ ફરજિયાત તરણકુંડનાં ઈન્ચાર્જ સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકટરશ્રી મારફત તરણશૈલીની ચકાસણી કરાવવાની રહેશે. જેમાં સફળ થનાર સભ્યો પોતાનું સભ્યપદ પોતાના જ તરવૈયા બેચમાં સળંગ કરાવી શકશે અને નિષ્ફળ જનાર સભ્યોએ ફરી શિખાઉ બેચમાં પોતાનું સભ્યપદ સળંગ કરવાનું રહેશે.
(જે બેચની ઉપલબ્ધ મહત્તમ સભ્ય–સંખ્યાને આધીન રહેશે.)

૬. દરેક સભ્યોએ નવા પ્રવેશ–ફી તથા રીન્યુ–ફી ભર્યા પછી પોતાનો આઈડેન્ટીટી કાર્ડ ઓનલાઈન ડાઉનલોડ કરી મેળવવાનો રહેશે. તથા તેની ઉપર ઈન્ચાર્જ સ્વીમીંગ ઈન્સ્ટ્રકટરનાં સહી–સિકકા કરાવવાનાં રહેશે અને તેવા જ આઈડેન્ટીટી કાર્ડ માન્ય ગણવામાં આવશે. (જે સભ્યોએ માંગેલ ડોકયુમેન્ટો યોગ્ય રીતે ઓનલાઈન અપલોડ કરેલ હશે તેવા જ સભ્યોને આઈડેન્ટીટી કાર્ડ માટે ઓફિસ દ્વારા એપ્રુવલ આપ્યા બાદ ડાઉનલોડ કરવાની પરવાનગી આપવામાં આવશે.)

૭. દરેક રેગ્યુલર સભ્યોએ દર ૦૨(બે) વર્ષ બાદ રીન્યુઅલ સમયે ઓનલાઈન જનરેટ થયેલ તરણકુંડ વિભાગ દ્વારા માન્ય ફોરમેટ મુજબ મેડીકલ ફીટનેશ સર્ટીફીકેટમાં ડોકટરનાં સહી–સિકકા કરાવી ઓનલાઈન અપલોડ કર્યા બાદ જમા કરાવાનું રહેશે.

૮. દરેક સભ્યોને આપવામાં આવેલ આઈડેન્ટીટી કાર્ડ દરરોજ ફરજીયાત લાવવાના રહેશે અને આઈડેન્ટીટી કાર્ડ ઉપર જે બેચ સુચવવામાં આવ્યા હશે તે જ બેચમાં આવવાનું રહેશે. આઈડેન્ટીટી કાર્ડ વગર તરણકુંડમાં પ્રવેશ મળશે નહીં.

૯. **<u>બેચ ટ્રાન્સફરની પ્રક્રિયા</u>** :–

- શિખાઉ બેચમાંથી તરવૈયા બેચમાં ટ્રાન્સફર ઈચ્છનાર સભ્યોએ તરણ–પરીક્ષા દરમ્યાન ૧૦૦ મીટર લંબાઈમાં સળંગ તરણ પૂર્ણ કરી અને તરણકુંડની મધ્યે સતત ૧૦ મીનીટ સાયકલીંગ પૂર્ણ કરી સફળ થવાનું રહેશે. અને તેવા જ સભ્યોને બેચ ટ્રાન્સફર કરી આપવામાં આવશે. (જે પણ જે–તે બેચની ઉપલબ્ધ મહત્તમ સભ્ય–સંખ્યાને આધીન રહેશે.)
- શિખાઉ બેચમાં ત્રણ માસ માટે પ્રવેશ મેળવતા સભ્યોએ અંતિમ માસમાં તરણકુંડનાં ઈન્ચાર્જ સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકટર દ્વારા તરણશૈલી ચકાસી તેમનું સભ્યપદ શિખાઉ માંથી તરવૈયા કરવાનું રહેશે. જે અંગે તરણકુંડનાં ઈન્ચાર્જ સ્વીમીંગ ઈન્સ્ટ્રકટરનો નિર્ણય માન્ય રાખવાનો રહેશે. (જે બેચની ઉપલબ્ધ મહત્તમ સભ્ય–સંખ્યાને આધીન રહેશે.)
- પ્રથમ વખત શિખાઉ બેચમાંથી તરવૈયા બેચમાં ટ્રાન્સફર ફ્રી(મફત) રહેશે. વધુમાં ૧૨(બાર) માસની અંદર પ્રવેશપદ રીન્યુ ન કરવામાં આવે, તો તેને ફરી શિખાઉ સભ્યો તરીકે ગણવામાં આવશે.
- શિખાઉ બેચમાંથી શિખાઉ બેચમાં તથા તરવૈયા બેચમાંથી તરવૈયા બેચમાં ટ્રાન્સફર ફી રૂ.૨૦૦/– રહેશે.
(જે બેચની ઉપલબ્ધ મહત્તમ સભ્ય–સંખ્યાને આધીન રહેશે તથા તરણ–પરીક્ષા આપવી જરૂરી નથી.)

૧૦. દર સોમવારે તથા દર રવિવારે બપોર બાદ તેમજ જાહેર રજાના દિવસોએ મેઈન્ટેન્સ માટે તરણકુંડો બંધ રહેશે.
(દર રવિવારે બપોર પછીના બેચોના સભ્યોએ સવારે ચાલતા જે–તે શિખાઉ અને તરવૈયા બેચોમાં ઈન્ચાર્જ સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકટરની સુચના મુજબ તરણક્રિયા કરવાની રહેશે.)

૧૧. નવો પ્રવેશ મેળવતા સભ્યો કે જુના અનુભવી સભ્યોએ પોતાની શારીરિક/માનસિક સ્થિતિને અનુલક્ષીને તરણકુંડમાં ઉતરવાનું રહેશે. તરણકુંડની તેમની મુલાકાત દરમ્યાન કે તરણકળા કરતી વખતે થતાં કોઈ પણ અકસ્માત, શારીરિક–માનસિક નુકસાન, પીડા કે જાનહાનિ માટે સુરત મહાનગરપાલિકા કે તેના અધિકારીઓ કે કર્મચારીઓ કોઈ પણ રીતે જવાબદાર રહેશે નહીં. આવા કિસ્સામાં કોઈપણ સભ્ય કે તેના વાલી–વારસો સુરત મહાનગરપાલિકા કે તેના કોઈ પણ કર્મચારી / અધિકારી / પદાધિકારી વિરૂધ્ધ કોઈ પણ પ્રકારની કાયદાકીય કાર્યવાહી કરી શકશે નહીં. તેમજ આવા કિસ્સામાં કોઈ પણ પ્રકારનું વળતર ચુકવવા સુરત મહાનગરપાલિકા કે તેના કર્મચારી / અધિકારી / પદાધિકારીઓ જવાબદાર રહેશે નહિ.

૧૨. તરણકુંડનાં શિખાઉ કે તરવૈયા બેચોમાં સભ્યોને જે–તે બેચમાં ૧૦ મિનિટ પહેલા પ્રવેશ આપવામાં આવશે.

૧૩. ૨૫ × ૫૦ મી. ની સાઈઝનાં તરણકુંડોમાં દરેક સભ્યોને સ્વીમીંગ ઈન્સ્ટ્રકટરની સુચના મુજબ ૨૫ મી.નાં ગાળાની પહોળાઈમાં તરણકળા કરવાનું રહેશે.

૧૪. તરણકુંડની અંદર સ્વીમીંગ ઈન્સ્ટ્રકટરની ગેરહાજરીમાં સ્વીમીંગ કરવું નહીં.

૧૫. દરેક સભ્યોએ સ્વીમીંગ–કોસ્યુમ(સફેદ કોસ્યુમ સિવાય) પહેરવું ફરજીયાત છે.(મહિલા સભ્યોએ સ્લેકસ, ટી–શર્ટ, લેગિંગ્સ પહેરીને સ્વીમીંગ કરી શકાશે નહીં.) સ્વીમીંગ કરતા પહેલા અને સ્વીમીંગ કર્યા પછી શાવર અચુક લેવાનો રહેશે અને શાવર દરમ્યાન સાબુ/શેમ્પુનો ઉપયોગ કરવો નહી. તરણકુંડની અંદર તથા બહારના ભાગમાં ગંદકી કે ધુમ્રપાન કરવું નહીં તથા પાન/માવા /ગુટખા ખાવા નહિ.

૧૬. કોઈપણ સભ્યની કિંમતી/અગત્ય ની ચીજવસ્તુ ગુમ થાય કે ચોરાઈ જાય તો તેની જવાબદારી ફરજ પરના કર્મચારીઓ તથા સુરત મહાનગરપાલિકાની રહેશે નહીં.

૧૭. તરણકુંડની જાળવણી કરવી અને તેના યથાયોગ્ય ઉપયોગ કરવાની દરેક સભ્યની ફરજ છે. જો કોઈ સભ્ય તરણકુંડની મિલકતને નુકશાન કરતા જણાશે તો તેનુ સભ્યપદ રદ કરવામાં આવશે. તેમજ આજીવન સુધી તેને સભ્યપદ આપવામાં આવશે નહી.

૧૮. કોઈપણ સભ્યને કોઈ પણ બાબતે થતા અસંતોષ બાબતની રજુઆત / ફરિયાદ ચીફ સ્વી.ઈન્સ્ટ્રકટરને લેખિતમાં કરવાની રહેશે.

૧૯. જે તરણકુંડોમાં ડાઈવીંગ પ્લેટફોર્મ હોય ત્યાં બેચ સમય પુર્ણ થવાના ૧૫ મીનીટ પહેલા જ ડાઈવીંગ પ્લેટફોર્મ પરથી ડાઈવીંગ કરવા દેવામાં આવશે. કોઈ પણ સભ્યોએ ડાઈવીંગ કરવા સ્ટાર્ટીગ બ્લોકનો સેલો વોટરમાં ઉપયોગ કરવો નહિ.

૨૦. રેગ્યુલર તરવૈયાઓની સાથે આવનાર (ગેસ્ટ તરીકે) કુશળ તરણકળા કરનાર ને જ ગેસ્ટ તરીકે પ્રવેશ આપવામાં આવશે.
(ગેસ્ટ તરીકે આવનારની ગેસ્ટની સંપૂર્ણ જવાબદારી તેઓને લઈ આવનાર રેગ્યુલર તરવૈયાની રહેશે.)

૨૧. બીમાર અને કોર્મોબીડ સભ્યોએ તરણકુંડમાં પ્રવેશ કરવો નહીં. બિમારી તથા કો–મોર્બીડીટી ધરાવતા સભ્યો જો તરણકુંડનો ઉપયોગ કરી અન્ય સભ્યોના આરોગ્ય માટે ખતરારૂપ માલુમ પડશે તો તેનું સભ્યપદ રદ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે.

૨૨. રાજય/રાષ્ટ્રીય/આંતરાષ્ટ્રીય કક્ષાએ રમેલા તરણ ક્ષેત્રના ખેલાડીઓ માટે વય–મર્યાદા લાગુ રહેશે નહીં.
(તરણ–સ્પર્ધાનું પ્રમાણપત્ર રજુ કરવું.)

૨૩. તરણકુંડના તમામ સભ્યોએ તરણકુંડના કર્મચારીઓ સાથે શાલીનતાથી વર્તવાનું રહેશે તેમજ તેમના દવારા અપાતી સુચનાઓનો અમલ કરવાનો રહેશે. સુચનાની ગંભીર અવગણના કે તરણકુંડના કર્મચારીઓ / અધિકારીઓ સાથેના અસભ્ય વર્તન બદલ જે–તે સભ્યનું સભ્યપદ રદ થવાપાત્ર બનશે.

૨૪. તરણકુંડના કોઈ પણ સભ્યએ તરણકુંડના પ્લાન્ટમાં પ્રવેશ કરવાનો રહેશે નહિ. ગેરકાયદેસર રીતે પ્રવેશ બદલ જે–તે સભ્યનું સભ્યપદ રદ થવાપાત્ર રહેશે.

૨૫. રજીસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ કરી પ્રવેશ મેળવતા દરેક સભ્યએ આ તમામ નિયમો વાંચ્યા છે તથા તે તમામ નિયમો સાથે સંમત છે તેમ માનવાપાત્ર રહેશે. દરેક સભ્યએ પ્રવેશ કન્ફર્મ કરાવ્યા બાદ આ નિયમોના પત્રકની પ્રિન્ટ લઈ દરેક પાના પર સહી કરી તેને જે–તે તરણકુંડના સંલગ્ન કર્મચારીને ફરજીયાત જમા કરાવવાની રહેશે.

૨૬. મેઈન્ટેનન્સ માટે તરણકુંડ બંધ હોય તે સમયગાળા દરમ્યાન જે–તે તરણકુંડના સભ્યોએ તરણકુંડના ચીફ સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકરની સુચના મુજબ ફાળવામાં આવેલ વૈકલ્પિક તરણકુંડો ખાતે પોતાના જ બેચોના સમયમાં તરણક્રિયા કરવાની રહેશે. જે તરણકુંડો ખાતે મહિલા બેચો ચાલતા હોય તે બેચોના સભ્યોને ચીફ સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકરની સુચના મુજબ ફાળવામાં આવેલ વૈકલ્પિક તરણકુંડો ખાતે અને બેચોના સમયમાં તરણક્રિયા કરવાની રહેશે

*************************************

बहुजनहिताय बहुजनसुखाय

# કલમ–૪ (૧) (બી) (૫)

## કાર્યો કરવાના નિયમો, સૂચનો, મેન્યુઅલ અને રેકર્ડ વિગતો.

સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ તરણકુંડોનાં સરળ સંચાલન/સુરક્ષા અને નિભાવ માટે સુરત મહાનગરપાલિકાની માસિક સાધારણ સભાનાં ઠરાવ નં. ૧૭૧/૨૦૧૮ તા. ૩૦/૦૫/૨૦૧૮, તા.૨૬/૦૬/૨૦૧૯ નાં રોજ તત્કાલિન મ્યુનિ.કમિશ્નરશ્રી ની મંજુરી,માસિક સાધારણ સભાનાં ઠરાવ નં. ૪૭૪/૨૦૨૩ તા. ૨૨/૦૯/૨૦૨૩ અનેમાસિક સાધારણ સભાનાં ઠરાવ નં. ૧૦૭/૨૦૨૪ તા. ૧૫/૦૩/૨૦૨૪ નાં ઠરાવ્યા મુજબ નીચે જણાવેલ ફી નાં ધોરણો નકકી કરવામાં આવેલ છે.

### :: **ફી નાં ધોરણો** ::

| અ.નં. | વિગત | ફી નાં ધોરણો | રીમાકર્સ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | વ્યકિત દીઠ ત્રિમાસિક ફી શીખનાર અને નવા પ્રવેશ મેળવતા તરવૈયા માટે | ➢ શીખનાર માટે રૂા. ૧૨૦૦/– ત્રણ માસથી વધુ પ્રવેશ નહીં.<br>➢ નવા પ્રવેશ મેળવતા તરવૈયા સભ્યો માટે :–<br>• ત્રિ માસિક ફી – રૂા.૧૨૦૦/–<br>• છ માસિક ફી – રૂા.૨૦૦૦/–<br>• વાર્ષિક ફી – રૂા. ૨૫૦૦/– | • જે–તે માસમાં ફી ભર્યા થી ત્રણ માસ, છ માસ અને બાર માસ ગણતરીમાં લેવા. |
| | વ્યકિત દીઠ ત્રિમાસિક રીન્યુ ફી | ➢ દરેક તરવૈયા સભ્યો માટે ત્રિ–માસિક રીન્યુ ફી – રૂા. ૧૨૦૦/– | |
| ૨. | વ્યકિત દીઠ છ માસિક રીન્યુ ફી | ➢ છ માસિક ફી –રૂા.૨૦૦૦/– | • જે–તે માસમાં ફી ભર્યા થી છ માસ ગણતરીમાં લેવા. |
| ૩. | વ્યકિત દીઠ વાર્ષિક રીન્યુ ફી | ➢ વાર્ષિક ફી –રૂા.૨૫૦૦/– | • જે–તે માસમાં ફી ભર્યા થી બાર માસ ગણતરીમાં લેવા. |
| ૪. | ગેસ્ટ ફી (બેચ દીઠ) | ➢ રૂા.૨૦૦/– | • ગેસ્ટ કુશળ તરવૈયા હોય તો જ પ્રવેશ આપવો. |
| ૫. | આઈડેન્ટીટી કાર્ડ | ➢ ફ્રી (ઓનલાઈન) | • દરેક સભ્યોએ નવા પ્રવેશ તથા રીન્યુ ફી ભર્યા પછી આઈડેન્ટીટી કાર્ડ ફ્રી ઓનલાઈન ડાઉનલોડ કરી મેળવવાનો રહેશે. |
| ૬. | સંસ્થા દીઠ પ્રતિ દિવસની પ્રવેશ ફી | ➢ સંસ્થા દીઠ પ્રતિ દિવસની પ્રવેશ ફીઃ–<br>• રૂા.૫૦૦૦/– (માત્ર ૦૩ કલાક માટે.)<br>• રૂા.૮૦૦૦/– (માત્ર ૦૩ કલાક થી વધુ અને ૦૮ કલાક સુધી.)<br>(સ્પર્ધા અથવા ટ્રેનીંગ નું આયોજન માત્ર ૦૩ કલાક માટે રોજીંદા બેચના સમય સિવાયના સમય માટે તથા ૩ કલાક થી વધુ હોય તેવા સંજોગોમાં માત્ર જાહેર–રજા/વીકલી રજામાં કરી શકાશે.)<br>➢ અગર સંસ્થા એક થી વધુ દિવસો માટે સ્વીમીંગપુલનો વપરાશની માંગણી કરે તો પ્રતિ દિન | • મહાનગરપાલિકાની પૂર્વ પરવાનગી મેળવી પોતાની જવાબદારીએ જણાવેલ ફી મેઈન્ટેનન્સ ચાર્જ નોન રીફંડેબલ રકમ જમા કરાવી ઉપયોગ કરી શકશે. |

| અ.નં. | વિગત | ફી નાં ધોરણો | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | | રૂ.૫૦૦૦/– નાં ગુણાંકમાં ફી ભરવાપાત્ર રહેશે.<br>➢ સરકારી અને અર્ધસરકારી સંસ્થા માટે ૫૦% ફીમાં રાહત.<br>➢ સુ.મ.પા. નાં તમામ ખાતા માટે વિનામૂલ્યે. | |
| ૭. | તરણકુંડમાં દાખલ થવા માટેના પ્રવેશ ફોર્મ દીઠ | ➢ ફી (ઓનલાઈન) | • રજીસ્ટ્રેશનની કાર્યવાહી તેમજ ફી ઓનલાઈન કરવાની છે. |
| ૮. | ➢ શૈક્ષણિક સ્થાનિક / રાજય /રાષ્ટ્રીય કક્ષાની હરીફાઈ ની પૂર્વ ટ્રેનીંગ પ્રવૃત્તિ માટે.<br>➢ રાષ્ટ્રીય કક્ષાએ કે આંતર રાષ્ટ્રીય કક્ષાની હરીફાઈમાં ૧ થી ૩ નંબર મેળવી મેડલ મેળવનાર માટે.<br>➢ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સ્પાર્ધામાં ભાગ લઈ ચૂકેલ. | ➢ વિનામૂલ્યે<br>➢ વિનામૂલ્યે<br>➢ વિનામૂલ્યે | • શૈક્ષણિક હેતુની હરીફાઈ અંગે સક્ષમ સત્તાનું પ્રમાણપત્ર લેવાનું રહેશે. |
| ૯. | ➢ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળા અને સુમન હાઈસ્કુલના વિદ્યાર્થીઓને.<br>➢ સીનીયર સીટીઝનને. | ➢ ૫૦% ફી માં રાહત.<br>➢ ૨૫% ફી માં રાહત. | |
| ૧૦. | બેચ ટ્રાન્સફર ફી | ➢ રૂ.૨૦૦/– | • પ્રથમ વખત શિખાઉ બેચમાંથી તરવૈયા બેચમાં ટ્રાન્સફર ફી(મફત) રહેશે. વધુમાં ૧૨(બાર) માસની અંદર પ્રવેશપદ રીન્યુ ન કરવામાં આવે, તો તેને ફરી શિખાઉ સભ્યો તરીકે ગણવામાં આવશે.<br>• શિખાઉ બેચમાંથી શિખાઉ બેચમાં ટ્રાન્સફર ફી રૂ.૨૦૦/– રહેશે.<br>• તરવૈયા બેચમાંથી તરવૈયા બેચમાં ટ્રાન્સફર ફી રૂ.૨૦૦/– રહેશે.<br>• શિખાઉ બેચમાં ત્રણ માસ માટે પ્રવેશ મેળવતા સભ્યોએ અંતિમ માસમાં તરણકુંડનાં ઈન્ચાર્જ સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકટર દ્વારા તરણશૈલી ચકાસી તેમનું સભ્યપદ શિખાઉ માંથી તરવૈયા કરવાનું રહેશે. જે અંગે તરણકુંડનાં ઈન્ચાર્જ સ્વીમીંગ |

| અ.નં. | વિગત | ફી નાં ધોરણો | રીમાકર્સ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | | | ઈન્સ્ટ્રકટરનો નિર્ણય માન્ય રાખવાનો રહેશે.<br>• બેચની ઉપલબ્ધ મહત્તમ સભ્ય–સંખ્યાને આધીન બેચ ટ્રાન્સફર કરી આપવા આવશે. |
| ૧૧. | દિવ્યાંગ વ્યકિત | ➢ ૫૦% ફી માં રાહત. | • દિવ્યાંગતાનું સિવિલ હોસ્પિટલનું પ્રમાણપત્ર સાથે લાવવું તથા તરણક્રિયા સમયે ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમર ધરાવતા ઘરની જવાબદાર (લોહી સંબંધ ધરાવતા) સક્ષમ વ્યકિતની હાજરી ફરજિયાત રહેશે.<br>• દિવ્યાંગ વ્યકિતઓને તરણકુંડના ઈન્ચાર્જ સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકર મારફત તેમની યોગ્યતા/ક્ષમતાઓની ચકાસણી કર્યા બાદ જ ઓફલાઈન માધ્યમ ધ્વારા પ્રવેશ આપવામાં આવશે.<br>• પ્રવેશ દરમ્યાન દિવ્યાંગ વ્યકિતના ઘરના જવાબદાર (લોહી સંબંધ ધરાવતા) સક્ષમ વ્યકિતના "સોગંદ સહિતનું સંમતિ દર્શાવતું કબુલાતનામું" ની હાર્ડ કોપી ઓફિસમાં જમા કરવાની રહેશે. (તરણકુંડના ફોરમેટ મુજબ.) |

**<u>નોંધ</u> :– તમામ પ્રકારની ફી માં સને ૨૦૨૩–૨૪ થી ત્યારબાદ દર ૦૩ નાંણાકીય વર્ષ પૂર્ણ થયા બાદ ૧૦% નો વધારો(૧૦૦ નાં ગુણાંકમાં) કરવામાં આવશે.**

# :: <u>સમય-પત્રક</u> ::-

સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ તરણકુંડોનાં સરળ સંચાલન/સુરક્ષા અને નિભાવ માટે સુરત મહાનગરપાલિકાની માસિક સાધારણ સભાનાં ઠરાવ નં.૪૭૪/૨૦૨૩ તા.૨૨/૦૯/૨૦૨૩, માસિક સાધારણ સભાનાં ઠરાવ નં.૧૦૭/૨૦૨૪ તા.૧૫/૦૩/૨૦૨૪ અને તા.૨૭/૦૭/૨૦૧૮ નાં રોજ તત્કાલિન મ્યુનિ.કમિશ્નરશ્રી ની મંજુરી મુજબ સમગ્ર વર્ષ (જાન્યુઆરી થી ડિસેમ્બર માસ) દરમ્યાન નીચે જણાવેલ બેચોનો સમય નકકી કરવામાં આવેલ છે.

| તરણકુંડ | તરણક્રિયા માટે બેચોનો સમય |
|---|---|
| • દાદાભાઈ પાંડિયા તરણકુંડ<br>• વનિતા વિશ્રામ મહિલા તરણકુંડ<br>• ઉધના તરણકુંડ<br>• કતારગામ તરણકુંડ<br>• ચી.લા.રૂસ્તમપુરા તરણકુંડ<br>• સીંગણપોર તરણકુંડ<br>• ડુંભાલ તરણકુંડ<br>• લકકડકોટ તરણકુંડ<br>• ડીંડોલી તરણકુંડ<br>• અલથાણ તરણકુંડ<br>• મોટાવરાછા–ઉત્રાણ તરણકુંડ | **:: જાન્યુઆરી થી ડિસેમ્બર ::**<br>**સવારે**<br>(૧) ૬ : ૧૫ થી ૭ : ૦૫ (તરવૈયા)<br>(૨) ૭ : ૧૫ થી ૮ : ૦૫ (તરવૈયા)<br>(૩) ૮ : ૧૫ થી ૯ : ૦૫ (શિખાઉ)<br>(૪) ૯ : ૧૫ થી ૧૦ : ૦૫ (તરવૈયા)<br>**સાંજે**<br>(૧) ૪ : ૩૦ થી ૫ : ૨૦ (શિખાઉ)<br>(૨) ૫ : ૩૦ થી ૬ : ૨૦ (તરવૈયા)<br>(૩) ૬ : ૩૦ થી ૭ : ૨૦ (શિખાઉ) |
| • વીર સાવરકર–અડાજણ તરણકુંડ<br>• મીની બજાર–વરાછા તરણકુંડ<br>• માહારાણ પ્રતાપ–કાપોદ્રા તરણકુંડ | **:: જાન્યુઆરી થી ડિસેમ્બર ::**<br>**સવારે**<br>(૧) ૬ : ૧૫ થી ૭ : ૦૫ (તરવૈયા)<br>(૨) ૭ : ૧૫ થી ૮ : ૦૫ (તરવૈયા)<br>(૩) ૮ : ૧૫ થી ૯ : ૦૫ (શિખાઉ)<br>(૪) ૯ : ૧૫ થી ૧૦ : ૦૫ (તરવૈયા)<br>**બપોર (મહિલા)**<br>(૧) ૨ : ૧૫ થી ૩ : ૦૫ (શિખાઉ)<br>(૨) ૩ : ૧૫ થી ૪ : ૦૫ (તરવૈયા)<br>**સાંજે**<br>(૧) ૪ : ૩૦ થી ૫ : ૨૦ (શિખાઉ)<br>(૨) ૫ : ૩૦ થી ૬ : ૨૦ (તરવૈયા)<br>(૩) ૬ : ૩૦ થી ૭ : ૨૦ (શિખાઉ) |
| • પાલ તરણકુંડ | **:: જાન્યુઆરી થી ડિસેમ્બર ::**<br>**સવારે**<br>(૧) ૬ : ૧૫ થી ૭ : ૦૫ (તરવૈયા)<br>(૨) ૭ : ૧૫ થી ૮ : ૦૫ (તરવૈયા)<br>(૩) ૮ : ૧૫ થી ૯ : ૦૫ (શિખાઉ)<br>(૪) ૯ : ૧૦ થી ૧૦ : ૦૦ (તરવૈયા)<br>(૫) ૧૦ : ૨૦ થી ૧૧ : ૧૦ (મહિલા)<br>**સાંજે**<br>(૧) ૪ : ૩૦ થી ૫ : ૨૦ (શિખાઉ)<br>(૨) ૫ : ૩૦ થી ૬ : ૨૦ (તરવૈયા)<br>(૩) ૬ : ૩૦ થી ૭ : ૨૦ (શિખાઉ) |

| તરણકુંડ | તરણક્રિયા માટે બેચોનો સમય |
|---|---|
| • ડાઈવીંગપુલ અડાજણ<br>✓ ૧૫ વર્ષ થી ૭૦ વર્ષની વયના <u>ફકત અનુભવી તરવૈયાઓને</u> જ પ્રવેશ આપવામાં આવશે.<br>✓ ૬૦ વર્ષથી વધુ વયનાં અનુભવી કુશળ તરવૈયાઓએ માન્ય ફોરમેટ મુજબ સ્ટેમ્પ–પેપર પર “સોગંદ સહિતનું સંમતિ દર્શાવતું કબુલાતનામું” લખી ઓનલાઈન અપલોડ કર્યા બાદ હાર્ડ કોપી ઓફિસમાં જમા કરી નવો પ્રવેશ તથા સભ્યપદ રીન્યુ કરવાનું રહેશે. | **:: જાન્યુઆરી થી ડિસેમ્બર ::**<br>**સવારે**<br>(૧) ૬ : ૧૫ થી ૭ : ૦૫ (તરવૈયા)<br>(૨) ૭ : ૧૫ થી ૮ : ૦૫ (તરવૈયા)<br>(૩) ૮ : ૧૫ થી ૯ : ૦૫ (તરવૈયા)<br>(૪) ૯ : ૧૫ થી ૧૦ : ૦૫ (તરવૈયા)<br>**સાંજે**<br>(૧) ૪ : ૩૦ થી ૫ : ૨૦ (તરવૈયા)<br>(૨) ૫ : ૩૦ થી ૬ : ૨૦ (તરવૈયા)<br>(૩) ૬ : ૩૦ થી ૭ : ૨૦ (તરવૈયા) |
| ❖ **<u>બાળ તરણકુંડો</u>:–**<br>• મીનીબજાર – વરાછા બાળ તરણકુંડ<br>• ઉધના બાળ તરણકુંડ<br>• ડીંડોલી બાળ તરણકુંડ<br>✓ ૦૫ વર્ષ થી ૧૦ વર્ષની વયના બાળકોને જ પ્રવેશ આપવામાં આવશે. | **:: જાન્યુઆરી થી ડિસેમ્બર ::**<br>**સવારે**<br>(૧) ૬ : ૧૫ થી ૭ : ૦૫ (તરવૈયા)<br>(૨) ૭ : ૧૫ થી ૮ : ૦૫ (તરવૈયા)<br>(૩) ૮ : ૧૫ થી ૯ : ૦૫ (તરવૈયા)<br>(૪) ૯ : ૧૫ થી ૧૦ : ૦૫ (શિખાઉ)<br>**સાંજે**<br>(૧) ૪ : ૩૦ થી ૫ : ૨૦ (તરવૈયા)<br>(૨) ૫ : ૩૦ થી ૬ : ૨૦ (શિખાઉ)<br>(૩) ૬ : ૩૦ થી ૭ : ૨૦ (શિખાઉ) |

बहुजनहिताय बहुजनसुखाय

## કલમ–૪ (૧) (બી) (૬)
## પોતાની પાસે અથવા પોતાની નિયંત્રણ હેઠળનું દફતર
## દફતરોની યાદી

૧. હાજરી પત્રક.
૨. આઉટ વર્ડ / ઈનવર્ડ રજીસ્ટર.
૩. સભ્ય ફી ભરણા રજીસ્ટર
૪. સ્ટોક રજીસ્ટર.
૫. ડેડ સ્ટોક રજીસ્ટર.
૬. મુવમેન્ટ રજીસ્ટર.
૭. સભ્યોનું પ્રવેશ રજીસ્ટર (સહી વાળું)
૮. ટપાલબુક
૯. ઈન્ડેન બુક
૧૦. લોગબુક

## કલમ–૪ (૧) (બી) (૭)
## જાહેર જનતા સાથે પરામર્શ અંગેની વ્યવસ્થા

જાહેર સત્તામંડળ સાથે સંયુકત છે.

## કલમ–૪ (૧) (બી) (૮)
## સલાહના હેતુઓ માટે બે અથવા તેથી વધુ વ્યકિતઓના બનેલા બોર્ડ કાઉન્સીલો, સમિતિઓ વિગેરે.

જાહેર સત્તામંડળ સાથે સંયુકત છે.

## કલમ–૪ (૧) (બી) (૯)
## અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા (ડિરેકટરી)

બીસીએનટી વાઈઝ અધિકારી અને કર્મચારીઓની માહિતી
www. suratmunicipal.gov.in પર સંયુકત રીતે મુકવામાં આવેલ છે તથા અત્રેના ખાતાના કર્મચારીઓના મહેકમ દફતર તથા પગાર રજીસ્ટરની નકલ ખાતામાં ઉપલબ્ધ છે.

## કલમ–૪ (૧) (બી) (૧૦)
## દરેક અધિકારીઓ અને કર્મચારીઓને મળતા માસિક મહેનતાણા

બીસીએનટી વાઈઝ અધિકારી અને કર્મચારીઓની માહિતી
www. suratmunicipal.gov.in પર સંયુકત રીતે મુકવામાં આવેલ છે તથા અત્રેના ખાતાના કર્મચારીઓના મહેકમ દફતર તથા પગાર રજીસ્ટરની નકલ ખાતામાં ઉપલબ્ધ છે.

## કલમ–૪ (૧) (બી) (૧૧)
## તમામ યોજનાઓ, સુચિત ખર્ચ, ચુકવેલ નાણા પરના અહેવાલોની વિગતો દર્શાવતું અંદાજપત્ર

બીસીએનટી વાઈઝ માહિતી www. suratmunicipal.gov.in પર સંયુકત રીતે મુકવામાં આવેલ છે.

## કલમ–૪ (૧) (બી) (૧૨)
## ફાળવેલ રકમો સહિત સબસીડી કાર્યક્રમોની અમલ બજવણીની રીત અને એવા કાર્યક્રમોના લભાર્થીઓની વિગતો.

જાહેર સત્તામંડળ સાથે સંયુકત છે. અત્રેના ખાતાની અલાયદી માહિતી નથી.

કલમ–૪ (૧) (બી) (૧૩)
<u>છુટછાટો, પરવાનગીઓ અથવા અધિકૃતતિઓ મેળવવાની વિગતો.</u>

જાહેર સત્તામંડળ સાથે સંયુકત છે. અત્રેના ખાતાની અલાયદી માહિતી નથી.

## <u>કલમ–૪ (૧) (બી) (૧૪)</u>
## <u>ઈલેકટ્રોનીક સ્વરૂપમાં ઉપલબ્ધ માહિતીને લગતી વિગતો</u>

અત્રેના ખાતાની અલાયદી માહિતી નથી.

## કલમ–૪ (૧) (બી) (૧૫)
## <u>નાગરિકોને મળતી સુવિધાઓની વિગતો</u>

**જાહેર સત્તામંડળ સાથે સંયુકત છે.**

## કલમ–૪ (૧) (બી) (૧૬)
## જાહેર માહિતી અધિકારીનું નામ, હોદ્દો અને બીજી વિગતો

સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www. suratmunicipal.gov.in પર મુકવામાં આવેલ છે.

કલમ–૪ (૧) (બી) (૧૭)
ઠરાવવામાં આવે તેવી બીજી માહિતી

**( બકુલકુમાર જી.સારંગ)**
**જાહેર માહિતી અધિકારી**
**અને**
**ચીફ સ્વીમીંગ ઈન્સ્ટ્રકટર**
**સુરત મહાનગરપાલિકા**

# સુરત મહાનગરપાલિકા

## એનેક્ષર–એ

(સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૫/૨૦૦૯ના પરિપત્ર ક્રમાંક :– પીએડી–૧૦–૨૦૦૭–૩૩૫૩૬૪–આર.ટી.આઈ. સેલનું બિડાણ)

## પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, મારા વહીવટી કાર્યક્ષેત્રનાં તરણકુંડ ખાતા ધ્વારા માહિતી અધિકાર અધિનિયમની કલમ–૪ અંતર્ગત સ્વયં જાહેર કરવાની બાબતો (પ્રોએકટીવ ડીસ્કલોઝર) (પી.એ.ડી.) તૈયાર કરવામાં આવી છે. અને તા.૦૧–૦૫–૨૦૨૫ ની સ્થિતિએ અદ્યતન કરવામાં આવેલ છે. જેનું અમારા ધ્વારા માહેઃ–મે/જુન–૨૦૨૫ દરમ્યાન ઈન્સ્પેકશન–કમ–ઓડિટ કરવામાં આવ્યું છે. અને જે બાબતે ક્ષતિ જણાય હતી અગર તો અપૂરતી વિગતો જણાય હતી તેની પૂર્તતા કરાવવામાં આવી છે.

તા.૦૧–૦૫–૨૦૨૫ ની સ્થિતિએ હવે કોઈ જાહેર સત્તામંડળોના પ્રોએકટીવ ડીસ્કલોઝર (પી.એ.ડી.)નું ઈન્સ્પેકશન–કમ ઓડિટ બાકી રહેલ નથી.

તા.  /૦૬/૨૦૨૫
મુખ્ય મથક :– સુરત મહાનગરપાલિકા

ડે.મ્યુનિ.કમિશ્નર
સુરત મહાનગરપાલિકા